શ્રી કૃષ્ણાય નમઃ

શ્રીગોપીજન વલ્લભાય નમઃ

શ્રીઆચાર્યચરણપંકજોભ્ય નમઃ



" જય શ્રી કૃષ્ણ "



પુષ્ટિમાર્ગનાં પ્રાથમિક અધિકારી વૈષ્ણવ શ્રીદામોદરદાસ હરસાનિજી

પુષ્ટિમાર્ગનાં પ્રાથમિક વૈષ્ણવ. પ્રાથમિક એટલે મૂળ – પ્રથમ અને પ્રારંભિક. પુષ્ટિમાર્ગ દર્શનનાં માનસી સ્પંદનો શ્રીવલ્લભાચાર્યજીએ અતિ સૂક્ષ્મતાથી સિંચિયા છે. જે જ્ઞાન, વિજ્ઞાન અને પ્રજ્ઞાન સાથે એવા સંયોજાયા છે કે એક પુષ્ટિ સ્પંદન ચોક્કસ બીજા પુષ્ટિ સ્પંદનને સકારાત્મક પ્રતિભાવ આપે જ છે. શ્રીવલ્લભાચાર્ય પોતાના માર્ગ પર ચાલતા જતા હતા, ત્યાં જ અચાનક જ દામોદરદાસ શ્રીવલ્લભાચાર્યજીનાં ચરણોમાં દંડવત પ્રણામ કરે છે – શ્રીવલ્લભનાં મુખેથી શબ્દો સરી પડયા – અરે દમલા! તુ. આ પુષ્ટિ સ્પંદન શ્રીવલ્લભાચાર્યજીને પુષ્ટિમાર્ગ યથાર્તાને સર્વોચ્ચ સિદ્ધાંત પ્રમાણિત કરે છે કે પુષ્ટિમાર્ગ આધ્યાત્મિક વિજ્ઞાન છે.

એક એક ચરિત્ર સ્વરૂપ,

બ્રહ્મસંબંધનું સ્વરૂપ એટ્લે ભગવદ્દત્ત પુષ્ટિભક્તિની સાધન પ્રણાલી,

સેવાનું રહસ્ય

સૈદ્ધાંતિક વિજ્ઞાન પ્રમાણ.

દામોદરદાસજીનાં પિતાશ્રીનું નામ થીરદાસ અને માતૃશ્રીનું નામ યશોદા હતું, જાતિ ક્ષત્રિય અને કુશળ વ્યાપારી હતા. સદા સેવાભાવી અને ધર્મનિષ્ઠ હતા. શ્રીરંગપટ્ટમ તેઓનું મૂળ નિવાસ્થાન હતું. અહીં તેમને ધર્મશાળા અને બીજી અનેક સેવાઓથી પ્રતિષ્ઠિત હતા. સેવાવ્રતથી સાધુ સંતો સાથે સત્કાર સત્સંગ કરતાં અને સદા પ્રીતિથી રહેતા. કુટુંબમાં ચાર પુત્રો અને બે પુત્રી હતી – ચતુરદાસ, ભગવાનદાસ, પુત્ર અને ચોથો – દામોદરદાસ, પુત્રીઓ – જેસી અને રંગા. આ થીરદાસનું કુટુંબ હતું. સમયનાં વહેણમાં માતા યશોદાનું અવસાન થયું. કાર્તિકમાસમાં યાત્રા સંઘમાં થીરદાસજી દામોદરદાસજીને પોતાના ભાઈ ભોજાઈને સોંપી સાધુ સંતો જોડે યાત્રા કરવા નીકળ્યા, ત્યાં એક રાત્રે સ્વપ્નમાં શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી થીરદાસ આપ દામોદરદાસને સાથે લઈને ચંપારણ્ય જા. આજ્ઞા સ્વીકાર કરી થીરદાસ ચંપારણ્ય પહોંચ્યા. ત્યાં એક રાત્રે સમાચાર મળ્યા કે એક બાળક એક ઝાડની બખોલમાં ક્રીડા કરે છે અને ચારે બાજુ અગ્નિની જ્વાળા છે. થીરદાસ અને દામોદરદાસ અનેક સાથીઓ જોડે દોડયા અને જોયું તો પ્રચંડ અગ્નિમાં જીવિત બાળક ક્રીડા કરે છે. આ દ્રશ્ય દામોદરદાસજીએ પણ જોયું. તરત તે બાળકનાં માતપિતાને જાણ કરી તે બાળક તેઓને સોંપ્યું. થોડા દિવસ બાદ થીરદાસ અને દામોદરદાસ આગળ ધપ્યા, યાત્રા સંપન્ન કરી પોતાને ગામ પાછા ફર્યા.

સમયની લીલા જુઓ, થીરદાસ શ્રીરંગપટ્ટમથી વ્યાપાર માટે વર્ધા સ્થાયી થયા અને થોડા વર્ષો બાદ તેઓ શ્રીજી ચરણાવિંદમાં પહોંચ્યા અને દામોદરદાસજી તેઓના ભાઈઓ સાથે જીવન વિતાવતા હતા. ત્યાં એક દિવસ દામોદરદાસ તેમના ઘરનાં ગોખલાંમાં બેઠા હતા અને તેમને કઇંક સ્ફૂર્યું અને કૂદીને દોડયા રસ્તા પર, એક નાનો બાળક આશરે છ વર્ષનો જતો હતો તેની સાથે આંખો મેળવી – હે શ્રીવલ્લભ! હું ક્યારનો આપની રાહ જોતો હતો અને શ્રીવલ્લભનાં ચરણોમાં સ્વને સમર્પણ કરી દીધું. શ્રીવલ્લભે ઉભા કરી ગળે મળીને કહ્યું – દમલા! તુ. બંને આગળ ધપવા લાગ્યા, દામોદરદાસજીએ પોતાનું સર્વત્રનો ત્યાગ કરી શ્રીવલ્લભ પાછળ ચાલવા લાગ્યા. આ છે પુષ્ટિ સ્પંદન લીલા.

પુષ્ટિમાર્ગ એટલે વૈષ્ણવ – પુષ્ટિમાર્ગ નો સર્વત્રતા થી અધિકાર શ્રીવલ્લભ સૈદ્ધાંતિક વૈષ્ણવોનો છે, નિધિ સ્વરૂપો, હવેલી, બેઠકજી, સાહિત્ય, સંપત્તિ, ધન દૌલત, રાચ રચીલું, માલ-મિલકત, કોઈપણ પ્રકારનું સેવાકીય દાન, ભેંટ, ન્યોછાવર આદિ સર્વે પર હક્ક કેવળ અને કેવળ વૈષ્ણવોનો છે. આ પ્રમાણ માટે જે તે વિસ્તારની સરકારી દસ્તાવેજો કાર્યાલયમાં ઉપલબ્ધ છે જ. હાં! સ્વ નિડરતા, હિમ્મત અને વિશ્વાસની સાથે સ્વ આધ્યાત્મિકતા અને આત્મીયતા અને સ્વ ન્યાયિક સ્વાયત્તા, સત્યતા અનિવાર્ય છે. પુષ્ટિમાર્ગનું પ્રમુખ જાગરણનો અધિકાર કેવળ વૈષ્ણવને જ છે.

શ્રીવલ્લભાચાર્યજી સ્વ પ્રમાણિત દસ્તાવેજ આપે છે – શ્રીઆચાર્યજી સ્વયત્તાથી પ્રાથમિક વૈષ્ણવ સાથે સૈદ્ધાંતિક આજ્ઞાથી અનુશાસન કરે છે. જેનાં સાક્ષી તરીકે – શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજી સ્વ સ્વીકાર કરે છે – પુષ્ટિમાર્ગ – વૈષ્ણવનો માર્ગ – વૈષ્ણવ માટે માર્ગ – વૈષ્ણવથી માર્ગ.

આ સત્યથી બ્રહ્માંડનું સત્ય વાકેફ છે, જગતનો જીવ વાકેફ છે, દુનિયાનો આત્મીય જીવ વાકેફ છે, સંસારનો એક એક સત્સંગી વાકેફ છે, બ્રહ્માંડનો સાત્વિક, રાજસ અને તામસ તત્વ વાકેફ છે, ધર્મનો આધ્યાત્મિક, આધિદૈવીક અને આધિભૌતિક જીવ વાકેફ છે. તું જ સાચો વૈષ્ણવ જે શ્રીવલ્લભ આત્મીય પુષ્ટિ જગાડે. દામોદરદાસ હરસાનિજી પ્રમાણભૂત પુષ્ટિમાર્ગ ચરિત્ર છે.

પુષ્ટિમાર્ગની પ્રજ્ઞાનતા, પુષ્ટિમાર્ગની દીપ પ્રજ્વલલિતતા, પુશતિમાર્ગની સાયુજ્યતા, પુષ્ટિમાર્ગનો વિશ્વાસ, પુષ્ટિમાર્ગની સામ્પ્યતા, પુષ્ટિમાર્ગની દ્રષ્ટિ, પુષ્ટિમાર્ગની સર્વોત્તમતા, પુષ્ટિમાર્ગની સિદ્ધતા, પુષ્ટિમાર્ગની સત્યતા આ સિદ્ધાંત પર પ્રાર્દુભાવ થયેલી છે.

પુષ્ટિમાર્ગનાં સોમયજ્ઞો આ દ્રષ્ટિકોણથી ઘડાયેલ છે. અર્થાત શ્રીવલ્લભાચાર્યજીનાં પૂર્વજો અને વંશજો સર્વેએ આ આજ્ઞા સ્વીકારીને અપનાવવાની જ છે – કારણકે શ્રીવલ્લભાચાર્યજી સ્વએ આ ધાર્મિકતા, ન્યાયિકતા માટે પરબ્રહ્મ શ્રીનાથજી, શ્રીગંગાજી, શ્રીગુંસાઈજી સ્વ આ પ્રમાણનાં નિર્ણાયક હતા – તો આપના વંશજે તો સ્વીકારવું જ રહ્યું. આડંબર, અહંકાર, અંધકાર અને અજ્ઞાનતો પુષ્ટિમાર્ગનો ક્ષણિક દુશ્મન છે જે કેવળ અષ્ટાક્ષરનાં એક ઉચ્ચારણથી નષ્ટ થઈ જાય, તો જગતની માયા શું વિસાત! એક એક પુષ્ટિનિધિ જ એક એક મુર, અરિને નષ્ટ કરી પદ પંકજનું તનુનવત્વ ઉર્જા પ્રકટાવી પુષ્ટિ નવપલ્લીત કરે છે.

પ્રાથમિક વૈષ્ણવ શ્રીદામોદરદાસજીનું ચરિત્ર આ પ્રમાણ આપે છે, આ સિદ્ધિ પ્રદાન કરે છે. શ્રીવલ્લભાચાર્યજી દામોદરદાસજીને – દમલા કહીને જ સદા બોલાવતા – તેનું કારણ – જે ચરિત્ર શ્રીવલ્લભાચાર્યજી પ્રેરિત, અનુશંઘિત અને જાગતિક દાસત્વનાં સંપૂર્ણ સિદ્ધાંતોથી જ **"દમ મારીને"** જ જીવન વ્યતીત કરે તે – **દમલા**.

જે ચરિત્ર શ્રીવલ્લભાચાર્યજીનાં આધ્યાત્મિક સિદ્ધાંતો જીવનમાં સંપૂર્ણ વિશ્વાસથી અમલ કરે તે – **અમલા**. શ્રીવલ્લભાચાર્યજી આજ્ઞાંકિત અર્થ **"દમલા સો અમલા"** એટલે **દામોદરદાસ – દમલા તે અમલા છે – મળ વિહીન – પરમ શુદ્ધ.** જેનામાં મળ નહીં, જેને સંદેહ નહીં, સંશય નહીં જે અસાધારણ વ્યક્તિત્વ. દામોદરદાસનાં નામથી કે દર્શનથી પાપ જાય. તે જીવ તત્વ કેવળ દમલા સો અમલા જ હોઈ શકે.

જેનું કોઈ સાંસારિક પ્રયોજન નહીં, ભક્તિમાર્ગમાં શ્રીઠાકોરજીમાં દ્રઢ પ્રીતિ હોય ત્યાં જ પુષ્ટિ છે અને ત્યાં જ તેનું અમલીકરણ છે – એટલે જ અમલા. દ્રઢ પ્રીતિ એટલે વિપ્રયોગાત્મક સ્વરૂપમાં પ્રીતિ એટલે સર્વ સર્વાત્મ ભાવ એ જ અમલા.

જો આપણે આપણી જાત પ્રત્યે સાચા હોઈશું, તો આપણે કોઈની સાથે ખોટા ન હોઈ શકીએ, આપણને કોઈ ખોટું ચિતરી નહીં શકે. આધ્યાત્મ વિજ્ઞાન નું પ્રતિક છે સૂર્ય – દામોદરદાસ હરસાનિજી પુષ્ટિમાર્ગનાં સૂર્ય છે. શ્રીવલ્લભાચાર્યજી માટે દામોદરદાસજીની અદ્વૈતતા, અખંડતાનું દ્રષ્ટાંત –

શ્રીવલ્લભ સ્વ પરિક્રમામાં તેઓ સદા કદમ કદમ રહેતા, શ્રીયમુનાજી ઘાટ પર શ્રીવલ્લભાચાર્યજી દામોદરદાસજીનાં ખોળામાં સૂતેલાં તે સમયે સાક્ષાત શ્રીગોવર્ધનધર શ્રીપ્રભુનું પધારવું શ્રીવલ્લભાચાર્યજી સાથે કોઈ પ્રયોજન અર્થે. જેવા દામોદરદાસજી શ્રીપ્રભુને નિહાળે છે કે તુરંત મૃદુ સ્વરે શ્રીપ્રભુને ટકોર કરે છે – " નિકટ મતી આવો – મહાપ્રભુજી જગેંગે " તેઓએ ઉઠીને શ્રીઠાકોરજીને દંડવત પ્રણામ કે વંદન પણ ના કર્યા. ઓહહ! કેવી અનોખી શ્રદ્ધા શ્રીવલ્લભાચાર્યજીમાં! કેટલો ઉત્તમ વિશ્વાસ સ્વ સેવકતાંમાં! કેટલી અદભૂત ઉર્જા સ્વ દાસત્વમાં! જે જીવને અન્યસંબંધ, અન્યદ્રષ્ટિ, અન્યતામાં સંકલ્પ, વિચાર કે ક્રિયા નહીં, તે વ્યક્તિત્વ કેવું! તે વ્યક્તિત્વ વિશુદ્ધ, નિર્લેપ, નિરપેક્ષ અને નિર્દોષ તેમાં દોષ જ ના હોય તે અમલા.

જેનામાં નિરપેક્ષતાનાં ગુણ હોય તે શ્રીવલ્લભાચાર્યજીનો જ દાસ હોય અને શ્રીગોવર્ધન ધર નો ભક્તવત્સલ જ હોય. ભક્તિની અનન્યતા જ શ્રીઆચાર્યને આકર્ષે છે. એટલે તો શ્રીકૃષ્ણ ભક્તને વસ છે.

શ્રીવલ્લભાચાર્યજીએ દામોદરદાસ હરસાનિજીમાં અનન્ય ગુણો અને તેમની માનસિક, શારીરિક અને આધ્યાત્મિક વૃત્તિ જોઈ પુષ્ટિમાર્ગનાં પ્રાકટ્યની ભૂમિકા બનાવી, અનેક સિદ્ધાંતો નિર્ણયાત્મક કર્યા. થોડી વારમાં શ્રીવલ્લભાચાર્યજી જાગે છે અને દામોદરદાસજી આચાર્યશ્રીને નમ્રતા પૂર્વક ઘટના બતાવે છે, શ્રીવલ્લભ કહે છે – દમલા! શ્રીઠાકોરજી પધારેલા, મને ઉઠાડવાનો હતો, તેમને પધારવાનું કોઈ પ્રયોજન હશે, અને શ્રીગોવર્ધન ધર પધાર્યા. શ્રીવલ્લભાચાર્યજીએ દંડવત પ્રણામ કર્યા, દામોદરદાસજીએ દંડવત પ્રણામ કર્યા.

શ્રીગોવર્ધન ધર બોલ્યા – વલ્લભ! દામોદરદાસજીને કશું ન કહો, તે તો સર્વ શ્રેષ્ઠ છે, તેમનો જ્ઞાનભાવ અદ્વિત્ય છે, દિવ્ય છે. તેમને શ્રીગુરુચરણ સેવાનો સિધ્ધાંત પ્રમાણિત કર્યો છે. મને ગર્વ છે આ દાસત્વથી. આ સાંભળી દામોદરદાસજી પ્રથમ શ્રીવલ્લભાચાર્યજીને દંડવત કરે છે અને ત્યારબાદ શ્રીગોવર્ધન ધરને દંડવત કરે છે.

આ કૃતિથી શ્રીવલ્લભાચાર્ય વધુ આનંદમય થયા અને દામોદરદાસજીને કહ્યું – **દમલા! સાચે જ તું અનિવર્ણીય સેવક છે – દાસ છે – ભક્ત છે – પુષ્ટિદ્રષ્ટા છે.** શ્રીગોવર્ધન ધર હંસતા હંસતા અને જતા જતા શ્રીવલ્લભને કહ્યું – હું થોડીવાર પછી આવું છું આપણે " જીવ ઉદ્ધારક નિધિ " માટે નિર્ણયાત્મક ચર્ચા કરવાની છે અને શ્રીપ્રભુ અંતર્ધ્યાન થયા.

આચાર્યશ્રી દામોદરદાસજીને નિહાળતા બોલ્યા – હે દમલા! તું સાચે જ અતિ નિર્ગુણ દાસ છે. તેં જે શ્રીગોવર્ધન ધર અને મારી સમક્ષતામાં તેં પ્રથમ મને દંડવત પ્રણામ કર્યા અને ત્યારબાદ તેં શ્રીગોવર્ધન ધરને દંડવત પ્રણામ કર્યા – દાસત્વનો અનોખો સિદ્ધાંત તેં પ્રમાણિત કર્યો. ધન્ય છે તને! તેં પ્રથમ મને દંડવત કરી તેં શ્રીગોવર્ધન ધરને દંડવત કર્યા અને શ્રીગોવર્ધન ધરને દંડવત કરી મને દંડવત કર્યા. આ અતિ ગૂઢતા ભરેલો સિદ્ધાંત છે.

પ્રથમ દંડવતમાં તેં મારા હ્રદયમાં બિરાજેલા શ્રીગોવર્ધન ધરને સમ્માન આપ્યું અને પછી શ્રીગોવર્ધન ધરને દંડવત કરી મને સમ્માન આપ્યું. આ ઉચ્ચ કોટિનું પૂર્ણત જાગૃત જીવ એટલે કે દાસ કે સેવક જ કરી શકે છે. આ લીલા આપણાં પરબ્રહ્મ શ્રીગોવર્ધન ધર શ્રીકૃષ્ણ દિવ્યતાથી જાણે છે, એટલે તેઓશ્રી અંતર્ધ્યાન થયા.

પુષ્ટિમાર્ગની મૂળ આધ્યામિકતા, દર્શન અને એકાત્મતા તારાથી જ આરંભ છે. શ્રીવલ્લભાચાર્યજી દામોદરદાસજીને કૃતજ્ઞતાથી, કરુણાથી અને અતિ વાત્સલ્યતાથી નિહાળતા અલૌકિક પુષ્ટિ ઉર્જા પ્રદાન કરી. ભક્તની દિવ્યતા તેના દાસત્વની નૈતિક અખંડિતતામાં રહેલી છે.

“ માનસી સા પરા મતા “ અતિ અલૌકિક દિવ્યતા.

દામોદરદાસજીની અનેકો અનુભૂતિ શ્રીવલ્લભાચાર્યજીએ યોગ્યતા પૂર્વક ગોઠવી રાખતા. આમને આમ શ્રીવલ્લભાચાર્યજી અને દામોદરદાસજી જગત ભ્રમણ કરી રહ્યા હતા ત્યારે ફરી વ્રજવાસ કર્યો. આ વખતે શ્રીવલ્લભાચાર્યજી સામાજિક, ધાર્મિક અને જે મૂળ હિંદુ સંસ્કૃતિની પરિસ્તિથી અનુસાર અતિ ગંભીર અને અનેક માર્ગ સૂચક વિચારો કોઈ એક દિશા તરફ ગતિ કરતાં હતા. દામોદરદાસ પણ આચાર્યશ્રીની પરિસ્તિથી આધારિત ઉદ્વેગમાં જ રહેતા.

શ્રીયમુનાજીને ઘાટે અખંડ વિચારોનાં અગ્નિમાં તપતા તપતા એક રાત્રે દામોદરદાસ એક ખૂણામાં સૂતા હતા ત્યાં શ્રીગોવર્ધન ધર પ્રકટ થયા – વલ્લભ! તું નાહકની ચિંતા કરે છે, જીવ તો દોષી છે, તે જીવને બ્રહ્મસંબંધ કેવીરીતે કરું? તે જીવ ને આપની સાથે સંબંધ કેવીરીતે કરાવું?

શ્રીગોવર્ધન ધરે કહ્યું – જે જીવનો સંબંધ કરાવીશ તે જીવ ને હું અંગીકાર કરીશ, તું તે જીવ ને નામ મંત્ર આપજે, આ નામ મંત્રથી જીવ તેના સર્વે દોષો દૂર કરશે અને હું તે જીવને અંગીકાર કરીશ.

આચાર્યશ્રી કહે છે – અતિ દોષિત જીવને ઉત્તમતા કેવીરીતે પ્રદાન કરું?

નામ મંત્રમાં એવું રહસ્ય ગોઠવ કે તે નામ મંત્રથી જીવ નૈતિકતાથી, શ્રદ્ધાથી, વિશ્વાસથી અને આત્મીયતાથી તે સદા સેવાનિધિમાં પરોવાયેલો રહે તો તે જીવ દોષ મુક્ત થતો જશે, અને તેનું આધ્યાત્મિક જીવન જાગૃત થતું જશે, જીવ પોતે આ નામ મંત્રથી ક્ષણે ક્ષણે તેની કક્ષા મુજબ અનુભૂતિ કરતો રહેશે, તે દ્રઢ બનતો જશે. એટલે સંબંધની તે યોગ્યતા પ્રદાન કરશે જે દોષમુક્ત થવાથી તે સરળતાથી બ્રહ્મસંબંધ ઉર્જાથી તેના દોષો નષ્ટ પામશે.

એટલે હે વલ્લભ! તમારા પ્રાકટ્યની કર્તવ્ય પુરષાર્થતા પ્રસ્થાપિત થઈ જશે. જીવ, જીવન અને જગત આનંદની અનુભૂતિ કરશે. જે પુષ્ટિમાર્ગની મૂળ પ્રધાનતા છે – વૈષ્ણવતાનો પ્રાદુર્ભાવ કરવો જ.

બ્રહ્મસંબંધ કરવવાથી જીવને દ્રઢ વિશ્વાસ થશે કે શ્રીઠાકોરજી સમક્ષ જ આ નામ કરણ મંત્ર વિધિ નિધિ તે વચન આપે છે કે હું કદી દોષયુક્ત વિચાર, ક્રિયા કરું નહીં. કારણકે શ્રીઠાકોરજી સદા તારી સાથે જ છે, જે તેને અવશ્ય પુષ્ટિમાર્ગે ચલાવશે અને સાથે સાથે યોગ્ય થવા જિજ્ઞાશા અને હિમ્મત પણ આપશે, એટલે તે દોષ મુક્ત થવાનાં પ્રયત્નો કરશે જ, તું બ્રહ્મસંબંધ નિધિથી પુષ્ટિજીવોને મારી પાસે મોકલ હું અવશ્ય તેઓનો ઉદ્ધાર કરીશ.

આ બ્રહ્મસંબંધ નિધિ જ્ઞાનાત્મક છે. જે વિજ્ઞાનનાં સિદ્ધાંતો આધારિત છે, જેમાં જીવ પોતે તેની સર્વે આંતર અને બાહ્ય માત્રાઓ ને આધ્યાત્મિક ક્રિયાઓથી ઉર્જાવાન કરે છે, જે સદા એવું પ્રેરક બળ આપે છે જે તેની અંદર અને બાહ્ય દોષોને નષ્ટ કરતા કરતા તેની સર્વે માત્રાઓને સકારાત્મક સત્યની દિશા અને માર્ગ દર્શાવે છે.

ક્વોન્ટમ ભૌતિકશાસ્ત્ર, વિજ્ઞાનનું ક્ષેત્ર જે બ્રહ્માંડનું નાનામાં નાના પાયે વર્ણન કરે છે, તે તેની પ્રતિ-સાહજિક ઘટનાઓ માટે જાણીતું છે જે રોજિંદા ધોરણે ભૌતિકશાસ્ત્રના દરેક કાયદાને અવગણે છે.

ક્વોન્ટમ ફિઝિક્સના કોઈ પણ પાસાં ગૂંચવણ જેટલા આશ્ચર્યજનક કે ચિંતાજનક નથી, આ વિચાર કે બે કણો એવી રીતે જોડાયેલા હોઈ શકે છે કે એકમાં ફેરફાર તરત જ બીજામાં પ્રતિબિંબિત થાય છે , ભલે બે કણો બ્રહ્માંડની વિરુદ્ધ બાજુએ હોય.

કારણ કે ખાસ સાપેક્ષતાનો વિકાસ કરતી વખતે, આઈન્સ્ટાઈને ખ્યાલ રજૂ કર્યો હતો કે બ્રહ્માંડમાં માહિતીના સ્થાનાંતરણ માટે એક નિર્ધારિત ગતિ મર્યાદા - શૂન્યાવકાશમાં પ્રકાશની ગતિ - છે. કણો વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાની તાત્કાલિક પ્રકૃતિ પ્રકાશ કરતાં વધુ ઝડપથી કાર્ય કરે છે. તેની સ્થાપના પછીના લગભગ 100 વર્ષોમાં, ગૂંચવણ બ્રહ્માંડનું એક વાસ્તવિક પાસું સાબિત થયું છે.

એક નવો વિકાસ ક્વોન્ટમ ગૂંચવણની "વાસ્તવિકતા" ને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે. ઓટ્ટાવા યુનિવર્સિટી અને રોમની સેપિએન્ઝા યુનિવર્સિટીના સંશોધકોની એક ટીમે એક નવીન તકનીકનું પ્રદર્શન કર્યું છે જે પ્રકાશના કણો - ફોટોનની ગૂંચવણભરી જોડીનું વિઝ્યુલાઇઝેશન કરવાની મંજૂરી આપે છે. વધુ સચોટ રીતે, વૈજ્ઞાનિકોએ જે પ્રગટ કર્યું છે અને નેચર ફોટોનિક્સમાં પ્રકાશિત થયેલા એક પેપરમાં તેઓ જે વર્ણવે છે તે આ ક્વોન્ટમ સિસ્ટમનું તરંગ કાર્ય છે.

"આપણા સંદર્ભમાં, આપણે તરંગ કાર્યને ક્વોન્ટમ સિસ્ટમની સ્થિતિના અવકાશી રીતે ઉકેલાયેલા સ્પષ્ટીકરણ તરીકે ઓળખીએ છીએ. તે આપણને રસની ક્વોન્ટમ સિસ્ટમ વિશે આપણે જે જાણી શકીએ છીએ તે બધું કહે છે," ઓટ્ટાવા યુનિવર્સિટીના પોસ્ટડોક્ટરલ ફેલો એલેસીયો ડી'એરિકોએ જણાવ્યું. "વધુ સ્પષ્ટ રીતે, તરંગ કાર્ય આપણને કોઈપણ માપન પરિણામની સંભાવનાની ગણતરી કરવાની મંજૂરી આપે છે.

આપણાં જ્યોતિષ શાસ્ત્રીઓ આપણને ઘણી વખત માહિતી આપે છે કે આ ગ્રહ, આ નક્ષત્ર વિગરે વિગરે નો મંત્ર જાપ અને પૂજા કરવાથી તે ગ્રહ કે નક્ષત્ર આપણને સુખ, વૈભવ, દોષ મુક્ત વિગરે વિગરે શક્યનાં પ્રમાણ કેમ છે? અર્થાત કોઈ ઉર્જા છે જે સકારાત્મકથી જ્ઞાન ભક્તિ કરવામાં આવે તો અચૂક દોષ નષ્ટ પામે છે.

ભાવાત્મક દ્રષ્ટિએ – બ્રહ્મસંબંધ નિધિ ભાવાત્મક છે – જે શ્રીગોવર્ધન ધરમાં સ્થિરભાવ થાય એટલા માટે. આજનો સમય અતિ ગતિશીલ છે, એક એક જીવ દોડ દોડ અને દોડ. આ દોડ શેની? તે તો સર્વે પોતપોતાની દ્રષ્ટિ, વિચાર અને સ્વ યોગ્યતાથી જાણે જ છે.

દોડતા દોડતા સ્થિર થવું તે દામોદરદાસજી સ્વ યોગ્યતાથી જાણે છે, સમજે છે અને પરિવર્તન કરે છે. એટલે જ તેમણે આચાર્યશ્રીને કહ્યું – સુન્યો પર જાન્યો નહીં, સમજ્યો નહીં. આજે તો સર્વે જીવો અતિ સાંભળતા પહેલા જ જાણી જાય છે, સમજી જાય છે અને ક્રિયા કરી પણ દે છે. એટલે જ બ્રહ્મસંબંધ મંત્ર અને વચન રોજ પાળવાનું છે. તો જ સ્થિરતા આવે. આ સ્થિરતા નીતિ, નિયમ, સ્વભાવ, મન અને જગતનાં દરેક સંબંધ જોડે કેળવવાનો છે. જગત બ્રહ્મ છે અને સર્વત્ર બ્રહ્મ છે. જેમાં ન સંદેહ કે સંશય છે. જીવને જ્ઞાન અને ભાવ અધિકાર બ્રહ્મસંબંધ નિધિથી આવે છે. બ્રહ્મસંબંધ રૂપી આલંબનથી દૈવી સ્વરૂપ દામોદરદાસ હરસાનિજીનાં આધિદૈવીક હ્રદયમાં પ્રમાણ રૂપે જ્ઞાનાત્મક અને ભાવાત્મક સ્થાયીરૂપે રસાત્મા શ્રીગોવર્ધન ધરને સ્થાપવા.

આ પ્રકારે દામોદરદાસજીનાં હ્રદયમાં સર્વ પ્રથમ નિરોધાત્મક બ્રહ્મસંબંધ કરવાનું પ્રયોજન થયું.

અદભૂતા! અદભૂતા! અદભૂતા!

અનેક ચર્ચા વિચારણા બાદ એક નિષ્કર્ષ પર આવ્યા – **બ્રહ્મસંબંધ નિધિ નો પ્રારંભ.**

બ્રહ્મસંબંધ – બ્રહ્મ સાથે સંબંધ

પરમાત્મા સાથે પ્રેમ

ભગવાનની નવધા ભક્તિ

શ્રીકૃષ્ણ લીલાનું ગાન

શ્રીકૃષ્ણ ચરિત્રથી પરિવારજનોની સાથે કેમ જીવવું?

પ્રભુની પ્રિયતાનો સંબંધ

અહંતા-મમતા જન્ય કલેશ નિવારણ

શ્રીઠાકોરજીની લીલાનો ભેદ

સમર્પણ પ્રક્રિયા

વાણી અને વ્યવહારમાં એકાર્થતા

સ્વદાસાનાં સ્દોદ્ધદતિ: તસ્માત્ સર્વપ્રયત્નેન દૈવે: કર્તવ્યમેવ હિ

ત્યાં જ દામોદરદાસજી ઉઠી ગયા, આ બાજુ શ્રીગોવર્ધન ધર અંતર્ધ્યાન થયા એટલે શ્રીવલ્લભાચાર્યજીએ દામોદરદાસને પૂછ્યું – દમલા! તુને કુછ સુન્યો? દામોદરદાસજીએ પ્રણામ કરી ઉત્તર આપ્યો – હે આચાર્યશ્રી! કછુ સુન્યો હૈ પર, કછુ નહીં જાન્યો ઔર સમજ્યો નાહીં.

શ્રીવલ્લભાચાર્યજીએ કહ્યું – દમલા! તારી હ્રદયસ્થા અતિ અનોખી અને રહસ્યમયી છે. તું સાચે જ એવું સૈદ્ધાંતિક જીવ તત્વ છે જે આ ભૂમિને ઉત્તમતાથી સિંચન કરે, આ જીવ સૃષ્ટિને વિનય, શિસ્ત, વિવેક, નમ્રતા અને યોગ્યતા પ્રત્યાર્પણ કરે. તારી એક એક શિષ્ટતા મને વારંવાર સંકેત આપે છે કે આ સૃષ્ટિનું આમૂલ પરિવર્તન કરું. તારી એક એક ક્રિયા એવા દર્શન આપે છે જે મનુષ્ય જીવનને યોગ્ય દિશા અને માર્ગ ચીંધી શકાય. આજે ચારે બાજુ અજ્ઞાન, અંધકાર અને આળસ, નિરાશા વ્યાપી છે, જીવ અંધાધૂંધીમાં અને માયાનાં અનેક વમળોમાં અટવાયેલો છે.

“ અબ તો સાંચેઈ કલિજુગ આયો

પુત્ર પિતાકો કહ્યો ન માનત, કરત આપ મન ભાયો

પુત્રી બેચી પિતા ધન પાવત, દિન દિન મોલ સવાયો

જાતે બરખા અલ્પ ભઈ હૈ, કાલે સબ જુગ ખાયો

ઘટત ગોવર્ધન છિપત વૃંદાવન, કાલિંદી રૂપ છિપાયો

સૂરદાસ પ્રભુ યા કલિજુગમેં કાહૈકો મોહિ જીવાયો “

તારી સ્વ લીલા નિહાળી અને શ્રીઠાકોરજી સાથે વિચારણા કરતાં – શ્રીગોવર્ધન ધર મને વારંવાર તારી વાત કરે છે – વલ્લભ! આ સેવક તને એમ નથી જોડયો! તે તને સર્વત્રરૂપે પ્રેરણા અને માર્ગદર્શક – માર્ગસૂચક બનશે. તારું ભૂતલ ઉપર જે પ્રાદુર્ભાવ થયો છે તેનો તે પ્રાથમિક સાથી છે, મુખ્ય પ્રેરણા સ્રોત્ર છે, કદમ કદમ પર યોગ્ય જીવન સિદ્ધાંતની અનુભૂતિ કરાવશે.

દામોદરદાસજીની એક એક ક્રિયા સિદ્ધાંતથી અભિભૂત થાય છે તે મનુષ્ય જીવનને ઉત્કૃષ્ટ, આનંદદાયક, સુખી અને યોગ્ય ધર્મ દિશા પ્રેરિત છે. જીવનની અનેક પરિસ્તિથીમાં જો દામોદરદાસજી જેવી દાસત્વતા, ધૈર્યતા, એકાત્મતા, સૈદ્ધાંતિકતા, શ્રદ્ધા, વિશ્વાસ અને સમર્પણતા અપનાવીએ તો અવશ્ય જીવન સુખી અને સમૃદ્ધ બને જ. વિચારીએ – ન કોઈ ધૂર્તતા, ન કોઈ જૂઠ, ન કોઈ વિશ્વાસઘાત, ન કોઈ દુષ્ટતા, ન કોઈ અહંકાર, ન કોઈ અભિમાન, ન કોઈ દ્વેષ, ન કોઈ રાગ કે રોગ – અવશ્ય સુખ, વૈભવ, આનંદ અનુભવે. કેટલી અદભૂત શરણાગતિ.

દામોદરદાસજી બોલ્યા – હે આચાર્યવર! હું તો આપનો આજ્ઞાંકિત દાસ છું. મને તો આપ જે પ્રમાણે માર્ગદર્શન કરશો તે જ મારા માટે આજ્ઞા છે, મને મારા આચાર્યશ્રી સમજાવે તે જ મારા માટે બ્રહ્મ છે.

હે દમલા! શ્રીઠાકોરજીએ મને આજ્ઞા કરી છે - દમલાને જીવનનો બ્રહ્મસંબંધ કરાવો, તેને જન્મ, જીવનની સત્યતા, આધ્યાત્મ કર્મનો પુરુષાર્થ, વિવેક, વિનય, નૈતિકતા અને સૈદ્ધાંતિક નિયમોની આધારશીલાને સમય અનુસાર સદા કૃપા અને અનુગ્રહ પ્રદાન કરી, તેનાં સર્વે પ્રકારનાં કર્મ બંધનોથી ઋણ મુક્ત કરીશ, અને જન્મોજન્મ તે મારા સાનિધ્યમાં જ રહેશે તેવો તેનો હું અંગીકાર કરીશ, તેને નામ દિક્ષા આપો, તેનાં હું સર્વે દોષોનો નાશ કરીશ, એને એવું જીવન પ્રદાન કરીશ કે તે સદા આપની નિકટ જ રહે.

“ दमला यह मार्ग तेरे लिए प्रकट कियो है “

શ્રીયમુનાજીને કિનારે ગોવિંદ ઘાટ પર છોંકરનાં ઝાડ નીચે દામોદરદાસ હરસાનિજીને જીવનનો બ્રહ્મસંબંધ કર્યો. પુષ્ટિમાર્ગ પ્રસ્થાપિત કર્યો. – શ્રીવલ્લભાધીશની જય

શ્રીવલ્લભાચાર્યજી સ્વ પ્રમાણિત દસ્તાવેજ આપે છે – શ્રીઆચાર્યજી સ્વયત્તાથી પ્રાથમિક વૈષ્ણવ સાથે સૈદ્ધાંતિક આજ્ઞાથી અનુશાસન કરે છે. જેનાં સાક્ષી તરીકે – શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજી સ્વ સ્વીકાર કરે છે – પુષ્ટિમાર્ગ – વૈષ્ણવનો માર્ગ – વૈષ્ણવ માટે માર્ગ – વૈષ્ણવથી માર્ગ.

આ સત્યથી બ્રહ્માંડનું સત્ય વાકેફ છે, જગતનો જીવ વાકેફ છે, દુનિયાનો આત્મીય જીવ વાકેફ છે, સંસારનો એક એક સત્સંગી વાકેફ છે, બ્રહ્માંડનો સાત્વિક, રાજસ અને તામસ તત્વ વાકેફ છે, ધર્મનો આધ્યાત્મિક, આધિદૈવીક અને આધિભૌતિક જીવ વાકેફ છે. તું જ સાચો વૈષ્ણવ જે શ્રીવલ્લભ આત્મીય પુષ્ટિ જગાડે. **દામોદરદાસ હરસાનિજી પ્રમાણભૂત પુષ્ટિમાર્ગ ચરિત્ર છે.**

પુષ્ટિમાર્ગની પ્રજ્ઞાનતા, પુષ્ટિમાર્ગની દીપ પ્રજ્વલલિતતા, પુષ્ટિમાર્ગની સાયુજ્યતા, પુષ્ટિમાર્ગનો વિશ્વાસ, પુષ્ટિમાર્ગની સામ્પ્યતા, પુષ્ટિમાર્ગની દ્રષ્ટિ, પુષ્ટિમાર્ગની સર્વોત્તમતા, પુષ્ટિમાર્ગની સિદ્ધતા, પુષ્ટિમાર્ગની સત્યતા આ સિદ્ધાંત પર પ્રાદુર્ભાવ થયેલી છે.

પુષ્ટિમાર્ગનાં સોમયજ્ઞો આ દ્રષ્ટિકોણથી ઘડાયેલ છે. અર્થાત શ્રીવલ્લભાચાર્યજીનાં પૂર્વજો અને વંશજો સર્વેએ આ આજ્ઞા સ્વીકારીને અપનાવવાની જ છે – કારણકે શ્રીવલ્લભાચાર્યજી સ્વએ આ ધાર્મિકતા, ન્યાયિકતા માટે પરબ્રહ્મ શ્રીનાથજી, શ્રીગંગાજી, શ્રીગુંસાઈજી સ્વ આ પ્રમાણનાં નિર્ણાયક હતા – તો આપના વંશજે તો સ્વીકારવું જ રહ્યું.

આડંબર, અહંકાર, અંધકાર અને અજ્ઞાનતો પુષ્ટિમાર્ગનો ક્ષણિક દુશ્મન છે જે કેવળ

અષ્ટાક્ષરનાં એક ઉચ્ચારણથી નષ્ટ થઈ જાય, તો જગતની માયા શું વિસાત!

એક એક પુષ્ટિનિધિ જ એક એક મુર, અરિને નષ્ટ કરી પદ પંકજનું તનુનવત્વ ઉર્જા પ્રકટાવી પુષ્ટિ નવપલ્લીત કરે છે.

નોંધ: સત્સંગ અને અનુભૂતિ આધારિત જ્ઞાન-ભાવ

ટિપ્પણી – આ પુષ્ટિમાર્ગ – ૮૪ વૈષ્ણવ સિદ્ધાંત – પ્રસ્તાવના – પ્રાથમિક વૈષ્ણવ – દામોદરદાસ હરસાનિજી સચરિત્ર તૈયાર કરી રહ્યા છે.

" Vibrant Pushti "

૫૩, સુભાષપાર્ક, સંગમ ચાર રસ્તા

હરણી રોડ, શહેર – વડોદરા - ૩૯૦૦૦૬ – ગુજરાત – ભારત

Email – vibrantpushti@gmail.com - મોબાઇલ – ૯૩૨૭૨૯૭૫૦૭